દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૪ વર્ષ

શુક્રવાર ૨૫ સપ્ટેમ્બર, ૨૦૨૬

# માનવ સર્જિત હવામાન પરિવર્તન અલ-નીનોની અસરને વધુ તીવ્ર બનાવી રહ્યું છે

આ વર્ષ અલ-નીનોનું વર્ષ છે અને પ્રશાંત મહાસાગરમાં સર્જાતા આ પ્રાકૃતિક પરિબળને કારણે ભારત સહિત અનેક દેશોના હવામાન પર અસર પડે છે. જે વર્ષે અલ-નીનોની સ્થિતિ હોય તે વર્ષે ભારતમાં વરસાદ પ્રમાણમાં ઓછો પડે છે અને આ વર્ષે પણ તેમ જ થયું છે. કેટલાક વિસ્તારોમાં ભલે ભારે વરસાદ થયો હોય, પરંતુ કુલ એકંદર તો ભારતમાં વરસાદની ઘટ જ રહી છે અને ચોમાસુ પુરુ થવા આવ્યું છે ત્યારે આ ઘટ પુરાવાની હવે બહુ આશા પણ નથી. આ ઘટનાક્રમમાં નવી વાત એ છે કે પેસિફિક મહાસાગરમાં આકાર લઈ રહેલું ‘અલ નીનો’ માત્ર આબોહવા ચક્રના એક સામાન્ય વળાંક કરતાં વધુ સાબિત થઈ રહ્યું છે. હાલમાં થયેલા એક અભ્યાસમાં જાણવા મળ્યું છે કે છેલ્લા 40 વર્ષો દરમિયાન અલ નીનોની ઘટનાઓ પૂર્વ-ઔદ્યોગિક યુગ કરતાં લગભગ 40% વધુ મજબૂત રહી છે, અને નવા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે આ ઘટનાઓ વર્ષ ૧૮૫૦ પહેલાના 1,000 વર્ષોમાં જોવા મળેલી કોઈપણ ઘટનાઓ કરતાં વધુ શક્તિશાળી છે. સને ૧૮૫૦ના સમયથી ઉદ્યોગોની શરૂઆત સાથે માણસે વાતાવરણ પર કાર્બનની અસરો પાડવાનું શરૂ કર્યું હતું.

અલ નીનો એ ઉષ્ણકટિબંધીય પેસિફિક મહાસાગરમાં સમયાંતરે સર્જાતી ગરમી છે, જેમાં આ મહાસાગરમાં ગરમ પાણીનો પ્રવાહ વહેવા માંડે છે. જે આ મહાસાગરની બહાર દૂર-દૂર સુધી પવનો, વરસાદ અને તાપમાનમાં ફેરફાર કરી શકે છે. તેની અસરોમાં દુષ્કાળ તેમજ ભારે વરસાદ, પૂર, દાવાનળ અને ખાદ્ય અસુરક્ષાનો સમાવેશ થઈ શકે છે. આ અભ્યાસ પાછળના સંશોધકોએ ગેલાપાગોસ આઇલેન્ડ્સમાં 13 આધુનિક અને પ્રાચીન પરવાળાંના નમૂનાની તપાસ કરી હતી, અને તેના પરથી જાણવા મળ્યું કે તેમના રસાયણશાસ્ત્રમાં દાયકાઓ સુધીના દરિયાઈ પાણીના તાપમાન વિશેના સંકેતો સચવાયેલા હતા. ટીમને જાણવા મળ્યું કે છેલ્લા ચારથી પાંચ દાયકા દરમિયાન મજબૂત અલ નીનો ખાસ કરીને વધુ બન્યા છે, જ્યારે અગાઉની ઘટનાઓમાં ઓછી તીવ્રતાની એકસરખી પેર્ટન જોવા મળી હતી. અમેરિકાની મિશિગન યુનિવર્સિટીના મુખ્ય લેખિકા જૂલિયા કોલે જણાવ્યું હતું કે, અમે ભૂતકાળમાં એવો કોઈ સમય નથી જોયો જ્યાં અલ નીનો આજના જેટલો મજબૂત રહ્યો હોય, અને અમે દર્શાવીએ છીએ કે અલ નીનોની શક્તિ વૈશ્વિક તાપમાનના વધારાની સાથે સમાંતર બદલાય છે.

ભારત અલ નીનો પ્રત્યે સંવેદનશીલ છે, જે આ વર્ષે સ્પષ્ટપણે જોવા મળ્યું છે. ઐતિહાસિક રીતે, આ આબોહવાકીય ઘટના નબળા ચોમાસાના વરસાદ, ઉચ્ચ તાપમાન અને લાંબા શુષ્ક સમયગાળા સાથે જોડાયેલી રહી છે. જૂનમાં, ભારતીય હવામાન વિભાગે અલ નીનોની પુષ્ટિ કરી હતી અને ચોમાસા દરમિયાન તે વધુ મજબૂત થવાની ધારણા વ્યક્ત કરી હતી. જાપાનની હવામાન એજન્સીએ તેના એક દિવસ પહેલા જ તેની જાહેરાત કરી દીધી હતી. જોકે સંભવિત ‘પોઝિટિવ ઇન્ડિયન ઓશન ડિપોલ’ (IOD) એ તેની અસરને થોડી હળવી કરવાની આશા આપી હતી, તેમ છતાં ભારતનો જૂન મહિનાનો વરસાદ સામાન્ય કરતાં લગભગ 40% ઓછો રહ્યો હતો અને ત્યારથી તે ઓછો જ રહ્યો છે. સંશોધકોએ જણાવ્યું હતું કે મોટી ચિંતા અલ નીનો નથી, પરંતુ વધુ ગરમ થઈ રહેલા ગ્રહ પર અલ નીનોની અસર છે. કોલે ઉમેર્યું, “આ ઘટના ગ્લોબલ વોર્મિંગ (વૈશ્વિક તાપમાન વૃદ્ધિ) પર સુપરિમ્પોઝ (ઉમેરો) થઈ રહી છે, અને તે સામાન્ય રીતે ગ્રીનહાઉસ વાયુઓને કારણે જોવા મળતા તાપમાનના વધારાને વધુ તીવ્ર બનાવે તેવી શક્યતા છે.” અભ્યાસમાં ટાંકવામાં આવેલા અંદાજો અનુસાર, તાપમાન પૂર્વ-ઔદ્યોગિક સ્તર કરતાં 1.7-1.8°C સુધી વધી શકે છે. અમે માનીએ છીએ કે ગ્લોબલ વોર્મિંગ અલ નીનોને વધુ સુપરચાર્જ કરી રહ્યું છે,” કોલે જણાવ્યું. અને જો તે સાચું હોય, તો અમે આબોહવાના વધુ પડતા વિષમ સ્વરૂપોની અપેક્ષા રાખીએ છીએ જે પૃથ્વીની ઇકોલોજી, માળખા અને માનવજીવનના નુકસાનને વધારી દેશે. એમ તેમણે કહ્યું હતું. સંશોધકોની આ વાતો ચિંતા પ્રેરનારી છે. અલ-નીનો આમ તો કદાચ લાખો વર્ષથી સર્જાતી આવેલી પ્રાકૃતિક ઘટના છે પરંતુ હાલના નિરીક્ષણો પરથી સ્પષ્ટ જણાઇ આવે છે કે પ્રદૂષણ જેવા પરિબળોને કારણે તેની અસરની તીવ્રતા વધી છે. ફક્ત અલ-નીનોની બાબતમાં જ નહીં પરંતુ અન્ય કેટલાક ઋતુચક્રીય પરિબળોને પણ ગ્લોબલ વોર્મિંગ જેવા માનવ સર્જીત પરિબળો અસર કરી રહ્યા છે તે આપણે જોયું જ છે. અલ-નીનોને ભારત જેવા દેશોમાં વરસાદ ઓછો થાય અને ગરમી વધુ પડે તેવા સંજોગો ગ્લોબલ વોર્મિંગને કારણ વધુ સખત બની શકે છે અને આથી જ આ પ્રાકૃતિક પરિબળોની અસરો વધુ તીવ્ર બનતી રોકવા માટે પણ પ્રદૂષણ નિયંત્રણ જરૂરી છે.

## એક નાનું કોડિયું

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

એક ગામમાં ગંગારામ નામનો કુંભાર રહેતો હતો. તે સુંદર માટીના દીવા બનાવતો. દર વર્ષે દીપોત્સવ પહેલાં ગામના વેપારીઓ તેની દુકાન પર આવતા અને મોટા, સુંદર, રંગીન દીવા ખરીદી જતા.

ગંગારામની દુકાનમાં એક ખૂણામાં એક નાનકડું કોડિયું હતું પણ તે બીજા દીવા અને કોડિયા જેટલું સુંદર ન હતું. તેને ગંગારામે જ બનાવ્યું હતું પણ તેની માટી થોડી ખરબચડી હતી અને આકાર પણ સાવ સામાન્ય હતો. કોઇ તેને ખરીદવા તૈયાર નહોતું.

તે કોડિયું દુકાનના ખૂણામાં પડ્યું રહેતું અને વિચારતું, ‘હું બીજા દીવાઓ જેટલું સુંદર નથી. મારું કોઇ મૂલ્ય નથી. હું કોઇને ઉપયોગમાં નહિ આવું, કોઇને નહિ ગમું એટલે મને કોઇ ખરીદતું નથી...’ આવા વિચાર કરતું કોડિયું રડતું રહેતું.

એક સાંજે ગંગારામે દુકાન બંધ કરી. બહાર ભારે વરસાદ હતો. ગામના મંદિરનો મુખ્ય દીવો પવનથી બુઝાઇ ગયો. મંદિરના પૂજારીએ ગંગારામ પાસે મદદ માંગી. ગંગારામે દુકાનમાં જોયું.બધા મોટા દીવા બધા વેચાઇ ગયા હતા. માત્ર ખૂણામાં પેલું નાનકડું કોડિયું હતું. તેણે તરત તેને લઈને સાફ કર્યું અને તેમાં તેલ ભર્યું અને વાટ મૂકી દીવો પ્રગટાવ્યો.

નાનો દીવો મંદિરના અંધકારમાં પ્રકાશવા લાગ્યો. પૂજારીએ તેના પ્રકાશથી મંદિરની આરતીની વાટ પ્રગટાવી. અંધારામાં મંદિરમાં પ્રકાશ ફેલાયો અને આરતી થઈ.

નાનકડું કોડિયું આશ્ચર્યથી જોઈ રહ્યું તેને સમજાયું કે તેનો દેખાવ ભલે સુંદર ન હતો ,સાવ સામાન્ય હતો પણ તે ઉપયોગી તો હતું જ...તેનો પોતાનો પ્રકાશ નાનો હોવા છતાં આજે તે મંદિરને પ્રકાશિત કરી રહ્યો હતો તે પોતાને નસીબદાર અને ઉપયોગી સમજવા લાગ્યો તેના બધા નકારાત્મક વિચારો દુર થઈ ગયા.

ગંગારામ પણ તેને જાળવીને સાથે લઇ ગયો અને બીજા દિવસે ગંગારામે તેને દુકાનના સૌથી આગળના ભાગમાં મૂક્યો. તેણે કહ્યું, ‘આ દીવો મને યાદ અપાવે છે કે કિંમત દેખાવમાં નહીં, ઉપયોગમાં છે.’ તે પછી ગંગારામે દરેક દીવા પર એક નાનો સંદેશ લખવાનું શરૂ કર્યું: ‘તમારો પ્રકાશ કોઈની રાહ જોઈ રહ્યો છે.’

નાનકડું કોડિયું પણ સમજી ગયું કે પોતાની સરખામણી અન્ય સાથે કરવી નહીં.તમારો દેખાવ તમારી ઉપયોગીતા સાબિત કરતો નથી તમારી અંદરની ક્ષમતા અને ઉપયોગીતા વધુ મહત્વની છે જે કોઈના જીવનમાં પ્રકાશ બની શકે છે.

# જેન્ડર ગેપ: આંકડા અને હકીકત

## કહેવાની વાત

નેહા શાહ

**મહિલાની શૈક્ષણિક લાયકાત પણ તેને ઘરેલું હિંસાથી રક્ષણ આપી શકતી નથી, લગ્નના દાયરામાં મહિલાનું સ્થાન ઘણીવાર પગાર વિનાના ઘરેલું કામદાર પૂરતું મર્યાદિત થઈ જાય છે**

વર્લ્ડ ઈકોનોમિક ફોરમના 2026ના જેન્ડર ગેપ રિપોર્ટ પ્રમાણે ભારતે તેનું 131મું સ્થાન જાળવી રાખ્યું છે. વિશ્વભરમાં 69.2 ટકા અસમાનતા દૂર થઈ છે, જ્યારે ભારતમાં 64.5 ટકા. ભારત કરતાં માત્ર 14 દેશો વધુ પાછળ છે. શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે ભારતનો સ્કોર અનુક્રમે 96.6 ટકા અને 95.6 ટકા છે. જોકે, ગયા વર્ષની સરખામણીમાં બંને ક્ષેત્રે સ્કોર 0.5 ટકા ઘટ્યો છે. મહિલાઓની આર્થિક ક્ષેત્રે ભાગીદારીનો સ્કોર 41.2 ટકા છે, જેમાં 0.05 ટકાનો સુધારો થયો છે. પાકિસ્તાન અને ઈરાન બે જ દેશ એવા છે, જ્યાં મહિલાઓની આર્થિક ભાગીદારી ભારત કરતાં ઓછી છે.

ટૂંકમાં, ગત વર્ષે સ્ત્રી-પુરુષ અસમાનતા દૂર કરવામાં ભારતે કોઈ ખાસ પ્રગતિ કરી નથી. એકાદ વર્ષની વધઘટથી લાંબા ગાળાનાં તારણો બાંધી શકાય નહીં, પરંતુ આ રિપોર્ટ એવા સમયે આવ્યો છે જ્યારે મહિલા પ્રતાડનાના અનેક કિસ્સાઓ સામે આવી રહ્યા છે. સ્ત્રીઓ વધુ અસુરક્ષિત બની રહી છે. બળાત્કારના કિસ્સા ઘટી રહ્યા નથી. પોક્સો કેસ વધી રહ્યા છે. દહેજને કારણે થતાં અપમૃત્યુ અટક્યાં નથી. ઘરેલું હિંસા પણ વ્યાપક છે. મહિલાની શૈક્ષણિક લાયકાત પણ તેને ઘરેલું હિંસાથી રક્ષણ આપી શકતી નથી, લગ્નના દાયરામાં મહિલાનું સ્થાન ઘણીવાર પગાર વિનાના ઘરેલું કામદાર પૂરતું મર્યાદિત થઈ જાય છે.

ભોપાલની ત્વિષા શર્મા, લુધિયાનાની ચેતના, નોઈડાની દીપિકા નાગર, ગુડગાંવની ખુશ્બુ ગુપ્તા, લખનૌની શ્વેતા સિંહ અને નોઈડાની કામિની કુમારી જેવી ભણેલી મહિલાઓનાં દહેજને કારણે અપમૃત્યુ થયાં. બીડ-મહારાષ્ટ્રની વૈષ્ણવી, ઈન્દોરની ઉર્મિલા સૈની, બેંગ્લુરુની લક્ષ્મી પ્રિયા, બિજનોરની ગુલસિતાં, પુણેની સોનાલી અને મુંબઈની સપના સહિત અનેક મહિલાઓની ઘરમાં જ હત્યા થઈ. અમદાવાદની સોફિયા, સહારનપુરની રાખી, બેલાગાવીની સત્યાવા, નર્મદા-ગુજરાતની તેજસ્વીતા અને ધારવાડની માન્યા પાટીલની હત્યા તેમના જ પિતા કે ભાઈએ કરી. આ કિસ્સા પાછલા છ મહિનામાં નોંધાયા છે અને આ યાદી અહીં પૂરી થતી નથી.

સમાજની શરમે કેસ નોંધાવતી ન હોય એવી મહિલાઓની સંખ્યા ગણીએ તો આંકડો ક્યાં પહોંચે! રાષ્ટ્રીય સ્વાસ્થ્ય સર્વે પ્રમાણે લગભગ 30 ટકા મહિલાઓએ તેમના પતિ કે સાસરિયાં તરફથી એક યા બીજા પ્રકારની હિંસાનો સામનો કર્યો છે. મહિલા પ્રતાડનાના કારણોમાં હવે નૈતિકતાની રખેવાળી (મોરલ પોલીસિંગ) પણ જોડાઈ છે. આ મારપીટ માત્ર ‘લવ જેહાદ’ની શંકા સુધી મર્યાદિત રહી નથી. કોઈ મહિલા તેના પુરુષ મિત્ર કે સહકર્મી સાથે જાહેરમાં હસીને વાત કરતી હોય તો પણ સંસ્કાર અને સંસ્કૃતિની રખેવાળી કરવા નીકળી પડેલા સ્વઘોષિત જમાદારોની ઘટનાઓ સામે આવી રહી છે.

યુપી, બિહાર, પંજાબ, ઓડિશા અને બેંગ્લુરુમાં આવી ઘટનાઓ નોંધાઈ છે. સૌથી ચોંકાવનારો કિસ્સો બિહારના જમુઈનો છે. નૈતિકતાની રખવાળી કરવા નીકળેલા સ્વઘોષિત રખેવાળોએ ધોરણ 10માં ભણતી યુવતી અને તેના સહાધ્યાયી યુવકને રસ્તા પર રોકી તેમના સંબંધ અંગે સવાલો કર્યા અને તેમની અંગત જિંદગીમાં દખલ કરી. ત્યાર બાદ જાતીય છેડતી કરવામાં આવી, જેના વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા. જરા વિચારો કે આ ઘટના શું સંદેશ આપે છે? “અમે તને શાળામાં જવા દઈશું, ભણાવીશું. પણ તારે સપનાં નહીં જોવાનાં!” છોકરી માટે ‘યોગ્ય’ વર્તન શું છે તે નક્કી કરવાનો અધિકાર સમાજના કહેવાતા રખેવાળોને છે. વિડંબના એ છે કે આ બધું મહિલાઓની ‘રક્ષા’ના નામે થઈ રહ્યું છે.

સવાલ એ છે કે ભારતે શિક્ષણમાં જાતીય અસમાનતા 96 ટકા જેટલી દૂર કરવા પ્રગતિ કરી છે, પણ શું શિક્ષણથી સ્ત્રીને સ્વાયત્તતા મળી? શું તેના જીવનના નિર્ણયો લેવાનો અધિકાર મળ્યો? સ્ત્રીએ શું પહેર્યું, તેની બોલવા-ચાલવાની રીત વગેરે આધારે તેના ચારિત્ર્યનું મૂલ્યાંકન કરવામાં આવે છે. કોર્ટ જેવી સંસ્થા પણ જાતીય સતામણીના કેસમાં આવા પૂર્વગ્રહોમાંથી સંપૂર્ણપણે બહાર આવી શકી નથી.

મહિલાની સુરક્ષા માત્ર કાયદા, શિક્ષણ કે રોજગારના આંકડાથી નક્કી થતી નથી. સમાજમાં તેને પોતાની પસંદગી, સંબંધો અને જીવન અંગે નિર્ણય લેવાની સ્વતંત્રતા મળે છે કે નહીં તે પણ એટલું જ મહત્વનું છે. મહિલાને ‘રક્ષણ’ આપવાના નામે તેના અધિકારો અને સ્વતંત્રતા પર નિયંત્રણ મૂકવામાં આવે તો તે પણ અસમાનતાનું જ એક સ્વરૂપ છે.

જેન્ડર ગેપ માપવા પાછળ વર્લ્ડ ઈકોનોમિક ફોરમનો મુખ્ય હેતુ આર્થિક પ્રગતિનો છે. તેમનો ભાર મહિલાઓમાં સંચિત માનવ મૂડીને પ્રોત્સાહન આપવા પર છે. મહિલાઓના સામાજિક દરજ્જાને તેઓ માનવ અધિકારની દૃષ્ટિએ મૂલવતા નથી. જો આકલનમાં સામાજિક મુદ્દાઓ અને મહિલા પ્રતાડનાના કિસ્સાઓને પણ ઈન્ડેક્સમાં આવરી લેવામાં આવે તો શું ચિત્ર ઊભું થાય?

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ભારતના ઉચ્ચ-મધ્યમ વર્ગને વિઘ્નહર્તા સામાજિક નિસબત અને વર્તમાનની ચિંતા આપે એવી પ્રાર્થના

## રાજ કાજ ગુજરાત

કાર્તિકેય ભટ્ટ

**જે શ્રદ્ધા અને ભક્તિથી લોકો ગણેશોત્સવ અને ગરબા ઉત્સવમાં જોડાય છે, તે ઉત્સવોને પણ કેટલાક તત્વોએ રીતસર કમાણીનું સાધન બનાવી દીધા છે, ગણેશ પંડાલ માટે કે ગરબા માટે રીતસર હપ્તા વસૂલાય છે, આ પણ એક ગંભીર ચિંતા છે**

ઉત્તર ભારતમાં વિઘ્નહર્તા ગણેશજીનો ઉત્સવ ચાલી રહ્યો છે અને પછી તરત જ નવરાત્રિમાં ગુજરાત થનગનશે. આ મસ્તીના સરવરિયામાં મસ્ત ઉચ્ચ-મધ્યમ વર્ગ અને દેશની વાસ્તવિકતાઃ ક્યારે જાગશે સામૂહિક ચેતના? એ પ્રશ્ન છે. આજે ભારત એક અજીબ આભાસી દુનિયામાં જીવી રહ્યું હોય તેવું લાગે છે. એક તરફ દેશમાં શિક્ષણ ક્ષેત્રે યુવાનોમાં વ્યાપક અસંતોષ છે, ડિગ્રીઓ હોવા છતાં રોજગારના ફાંફા છે અને પેપર લીક જેવી ઘટનાઓથી નવયુવાનોનું ભવિષ્ય ધૂંધળું બની રહ્યું છે. બીજી તરફ, ક્ષુલ્લક બાબતોમાં વ્યાપક બનતી જાહેર હિંસા અને કાયદો-વ્યવસ્થાની કથળતી સ્થિતિ ચિંતાજનક છે. આંતરરાષ્ટ્રીય સ્તરે ચાલી રહેલા યુદ્ધોને કારણે પેટ્રોલ-ડીઝલના ભાવવધારા અને મોંઘવારીએ સામાન્ય માણસની કમર તોડી નાખી છે. હાલ નવેસરથી ટ્રમ્પે જે યુદ્ધ શરૂ કર્યું છે તે માત્ર ભાવવધારો જ નહીં કરે, પરંતુ વૈશ્વિક અસલામતી પણ ઊભી કરશે.

ચારેકોર અસલામતી અને વ્યવસ્થામાં ઊંડે સુધી ખૂંપેલો ભ્રષ્ટાચાર સામાન્ય નાગરિકનો શ્વાસ રૂંધી રહ્યો છે. જે શ્રદ્ધા અને ભક્તિથી લોકો ગણેશોત્સવ અને ગરબા ઉત્સવમાં જોડાય છે, તે ઉત્સવોને પણ કેટલાક તત્વોએ રીતસર કમાણીનું સાધન બનાવી દીધા છે, ગણેશ પંડાલ માટે કે ગરબા માટે રીતસર હપ્તા વસૂલાય છે, આ પણ એક ગંભીર ચિંતા છે.

પરંતુ, આ બધા ગંભીર પડકારો વચ્ચે ભારતનો એક એવો વર્ગ છે જેને આ વૈશ્વિક કે સ્થાનિક સમસ્યાઓથી કોઈ લેવા-દેવા નથી - એ છે આપણો ઉચ્ચ-મધ્યમ વર્ગ (Upper Middle Class). આ વર્ગ પોતાની જ સુખ-સુવિધાઓ અને ભૌતિકવાદી દુનિયામાં મસ્ત છે. મોંઘા મોલ, બ્રાન્ડેડ કપડાં, લક્ઝરી ગાડીઓ, વિદેશ પ્રવાસો અને સોશિયલ મીડિયા પર દેખાડાની સંસ્કૃતિમાં આ વર્ગ એટલો ડૂબેલો છે કે તેને સમાજના અંતિમ છેડાના માણસની વેદના દેખાતી જ નથી. પેટ્રોલનો ભાવ 100 રૂપિયા થાય કે 200 રૂપિયા, તેમના ક્રેડિટ કાર્ડના બિલ પર તેની કોઈ ખાસ અસર થતી નથી. આ વર્ગની સૌથી મોટી નબળાઈ તેમની ‘રાજકીય અને સામાજિક ઉદાસીનતા’ છે. જ્યાં સુધી તેમના પોતાના હિતોને આંચ નથી આવતી, ત્યાં સુધી તેઓ દેશની કોઈ સમસ્યા સામે અવાજ ઉઠાવતા નથી. ભ્રષ્ટાચાર લાઈનમાં ઊભા રહેવું ન પડે તે માટે ‘સુવિધા શુલ્ક’ બની ગયો છે. સરકારી શાળાઓ અને હોસ્પિટલો ભલે બરબાદ થઈ જાય, તેઓ ખાનગી સંસ્થાઓના દમ પર સુરક્ષિત છે. પણ આ વર્ગ એ ભૂલી રહ્યો છે કે સમાજરૂપી વહાણમાં જો એક છેડે કાણું પડશે, તો આખું વહાણ ડૂબશે, જેમાં તેમનો આલિશાન બંગલો પણ બચી નહીં શકે. જાહેર હિંસા કે અસલામતીની આગ ક્યારેક તેમના ઘર સુધી પણ પહોંચી શકે છે.

હાલમાં જ ગણેશોત્સવ અને તહેવારોની મોસમ ગઈ છે. વિઘ્નહર્તા દેવની મોટી-મોટી મૂર્તિઓ પાછળ લાખોનો ધુમાડો કરનારા આ સંપન્ન વર્ગને આજે સાચી સદબુદ્ધિની જરૂર છે. ભગવાન ગણેશ બુદ્ધિ અને વિવેકના દેવ છે. વિઘ્નહર્તા આ ઉચ્ચ-મધ્યમ વર્ગને એવી સદબુદ્ધિ આપે કે તેઓ પોતાની આત્મકેન્દ્રી દુનિયામાંથી બહાર આવે.

તેઓ સમજદાર અને સક્ષમ છે, જો તેઓ ધારે તો સમાજમાં મોટું પરિવર્તન લાવી શકે છે. યુવાનોના અસંતોષને દૂર કરવા, ભ્રષ્ટાચાર સામે અવાજ ઉઠાવવા અને દેશમાં શાંતિ-સલામતી જાળવવા માટે આ વર્ગનું જાગવું અનિવાર્ય છે. સદબુદ્ધિ એ જ કે આપણે માત્ર આપણા ઘરના દીવા ન સાચવીએ, પણ આખા મહોલ્લાનો અંધકાર દૂર કરવા પ્રયત્ન કરીએ.

સમાજમાં પરિવર્તન માત્ર સરકાર કે રાજકીય પક્ષોની જવાબદારી નથી. નાગરિક તરીકે આપણાં પણ કેટલાંક કર્તવ્યો છે. આપણે કર ચૂકવીએ છીએ, નિયમોનું પાલન કરીએ છીએ અને આપણા બાળકોના ભવિષ્યની ચિંતા કરીએ છીએ, પરંતુ આટલાથી આપણી જવાબદારી પૂરી થતી નથી. જાહેર વ્યવસ્થા, શિક્ષણ, આરોગ્ય, રોજગાર અને સલામતી જેવા મુદ્દાઓ પર પ્રશ્નો પૂછવાની અને યોગ્ય જવાબ માગવાની જવાબદારી પણ આપણી છે. ખાસ કરીને ઉચ્ચ-મધ્યમ વર્ગ પાસે શિક્ષણ, આર્થિક સક્ષમતા અને સામાજિક પહોંચ છે. જો આ શક્તિનો ઉપયોગ માત્ર પોતાના જીવનને વધુ આરામદાયક બનાવવા માટે નહીં, પરંતુ સમાજના નબળા વર્ગના હિત માટે પણ થાય તો તેની અસર દૂરગામી બની શકે. તહેવારોમાં ભક્તિ સાથે સામાજિક જવાબદારીનો ભાવ પણ જોડાય તો ઉત્સવનું સાચું સાર્થક્ય છે. ગણેશજી પાસે માત્ર પોતાના ઘરની સુખ-શાંતિ માગવાને બદલે સમગ્ર સમાજ માટે સદબુદ્ધિ, શાંતિ અને ન્યાયની પ્રાર્થના કરીએ. ત્યારે જ તહેવારની ઉજવણી માત્ર ઘોંઘાટ, દેખાડો અને ખર્ચ પૂરતી નહીં રહે, પરંતુ સામૂહિક ચેતનાનું પર્વ બની શકે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## અક્ષરની આરાધના

‘પ્રતિષ્ઠિત ગુજરાતમિત્રની સોમવારની કોલમ ‘અક્ષરની આરાધના’ છેક આદરણીય શ્રી કૃષ્ણવીર દિક્ષિત સાહેબ-’પરંતપ’નાં સમયથી લોકપ્રિય રહી છે. હાલમાં એનું સંપાદન શ્રી બકુલભાઈ ટેલર સુપેરે કરી રહ્યા છે. નવા પુસ્તકનો પરિચય તથા વિવેચન એકદમ સચોટ અને સોંસરૂં હોય છે. ‘હું પૂછું તમે કહો’ વાંચતા વાચક પોતે પરીક્ષાર્થીનો અનુભવ કરતો હોય એવું લાગે. ‘શબ્દપ્રકાશ’ દ્વારા પણ ખાસ શબ્દોની માહિતી મળતી રહે છે. અંગ્રેજી તથા ભારતની અન્ય ભાષાનાં પુસ્તકો તથા લેખકો અને કવિઓની સૂક્ષ્મ જાણકારી મળતી રહે છે. આ વિભાગ વાંચવાની હંમેશા ઉત્કંઠા રહે છે. ‘ગુજરાતમિત્ર’ને ધન્યવાદ.’

**ગણદેવી - નિલેશ દેસાઈ**

## એક બાજુ પરીક્ષા અને ચારે બાજુ પર્વો!

કોઈ પણ પર્વની ઉજવણી ગર્વ લેવા જેવી હોય છે, પરંતુ ઉજવણીની રીત-રસમ પજવણીરૂપ બની રહી હોય તો તેની સીધી અસર વિદ્યાર્થીઓના રોજિંદા અભ્યાસ, પરીક્ષાલક્ષી તૈયારી અને પરિણામ પર પડે છે. જૂનથી શાળાકીય સત્ર શરૂ થાય ત્યારથી જ પ્રથમ સામયિક પરીક્ષા સુધી પ્રવૃત્તિઓ, સ્પર્ધાઓ અને પરિપત્રોની ભરમાર રહે છે. પરિણામે વર્ગખંડમાં અસરકારક શિક્ષણકાર્ય અને વિદ્યાર્થીઓનો નિયમિત અભ્યાસ મુશ્કેલ બને છે. ઘરે પણ વારંવાર આવતા પર્વો અને વિવિધ કાર્યક્રમોમાં વિદ્યાર્થીઓ જોડાતા હોવાથી તેમના અભ્યાસનો સમય ઘટે છે. પરિણામે તેઓ ઊંડા જ્ઞાન કરતાં માત્ર ગુણ મેળવવા પૂરતી તૈયારી કરે છે. શિક્ષણનો હેતુ માત્ર પરીક્ષામાં સારા ગુણ મેળવવાનો નહીં, પરંતુ જીવનોપયોગી વિચારો, મૂલ્યો, આદર્શો અને સિદ્ધાંતો સમજવાનો છે. સામાજિક સંસ્થાઓ અને ઉત્સવપ્રિય પ્રજાને વિનંતી છે કે વિદ્યાર્થીઓને વધુ પડતી ઉજવણીમાં જોડવાને બદલે નિરાંતે ભણવા દો. શાળા અને સમાજમાં તહેવારો પ્રતીકાત્મક અને અર્થસભર રીતે ઉજવાય તો જ કેળવણી અને રાષ્ટ્રનિર્માણ બંને સાર્થક બનશે.

**સુરત -વિજય બારોટ**

## વાંચનાલયની હાલત દયનીય

SMC દરેક વિસ્તારમાં યુવા પેઢી વાંચે, સમજુ બને, શિક્ષણ મેળવી સારું કરે તેવા પ્રયાસો અંતર્ગત વોર્ડ મુજબ નાગરિકોને નજીકમાં સુવિધાઓ મળે તેવા પ્રયત્નો કરે છે. સારી સગવડની ઓળખ પણ યુરિનલ અને વૉશરૂમના મિજાગરા નથી, ટોયલેટ ફ્લશ ચાલુ કરતાં પાણી નીચે જતું નથી, ઉપર નીકળે છે. આ કામ અને ટાઈલ્સ જોતા ઘડીક વિચાર આવે છે. આ ટેક્નોલોજી ઊભી કરવામાં કોન્ટ્રાક્ટર અને કોર્પોરેશનના સભ્યો જ છે. શું આ જાપાનની ટેક્નોલોજી હશે? રિપેર શું કર્યું હશે? બાથરૂમની ટાઈલ્સ નીચે પડી છે. સવારે વાંચનાલયમાં પોતું પણ યોગ્ય રીતે થતું નથી. વાંચન માટે સિનિયર સિટિઝન્સ આવે છે. સુરત મહાનગર પાલિકાની મુખ્ય કચેરી નજીકના વાંચનાલયની પરિસ્થિતિ આવી હોય તો અન્ય વાંચનાલયોની શું હાલત હશે? સુરતીના કાન કહો તો ડોળ કરે, જાહેર કરો તો દુઃખી થાય. કરવું તો શું કરવું? આ સવાલથી દરેક સુરતી મનમાં ગૂંચવાય છે.

**સુરત -હરીશ ચૌધરી**

## પ્રજાના મતે મશ્કરીરૂપ સજા

નજીકના ભૂતકાળમાં એક મીઠાઈવાળાને ત્યાંથી ખરીદેલી મીઠાઈમાંથી ફૂગ નીકળી તો તેના બે-ત્રણ દિવસ પછી એ જ મીઠાઈવાળાને ત્યાંથી ખરીદેલી મીઠાઈમાંથી વંદો નીકળ્યો. વર્તમાનપત્રોમાં પ્રકાશિત થયેલા સમાચાર પ્રમાણે લાગતાવળગતા સરકારી તંત્રે તે મીઠાઈવાળાને રૂ. 2,000/-નો દંડ કર્યો. બોલો સાહેબ, ‘કહેતે ભી દીવાના ઔર સુનતે ભી દીવાના’ જેવો ઘાટ થયો. એના કરતાં તો દંડ ન કર્યો હોત તો ચાલતે. પ્રજામાંથી કોઈ પૂછવા નહોતું જવાનું કે દંડ કે સજા કેમ નથી કરી? રૂ. 2,000/-નો દંડ તો મશ્કરીરૂપ/ફારસરૂપ ગણાય. હા, એટલું ચોક્કસ કે પ્રજા એવું ઈચ્છે કે દાખલારૂપ એવી કડક સજા થવી જોઈએ કે કોઈપણ મીઠાઈવાળો આવું ન થાય તે માટે પૂરતી કાળજી લે. જે સરકારી તંત્રોએ પગલાં લેવાનાં હોય તે જો ફરી આવું ન થાય, પછી તે મીઠાઈવાળો હોય કે અન્ય કોઈ વેપારી હોય, તેની તકેદારી રાખે એવા કડક પગલાં લે તો જ કંઈ મતલબ રહે. બાકી ‘અમે સજા કરી છે’ કે ‘દંડ કર્યો છે’ એવું બતાવવા પૂરતો સજા કે દંડ કરવાનું વ્યર્થ છે. આશા રાખીએ કે તમામ સરકારી તંત્રો તેમના તાબા હેઠળ આવતા ખાતાઓમાં આ બાબતનું ધ્યાન રાખશે તો પ્રજા સાચા અર્થમાં સંતુષ્ટ થશે.

**સુરત -સુરેન્દ્ર દલાલ**

## શું આપણી શિક્ષણ વ્યવસ્થામાં કંઈક ખામી છે?

કોઈપણ અખબારનાં પાનાં પર નજર ફેરવતાં આત્મહત્યાના સમાચાર વાંચીને વિચાર આવે કે કોઈપણ વ્યક્તિ અમૂલ્ય જીવન કેમ વેડફી નાખવાનો વિચાર કરતી હશે? મહિલાઓ દ્વારા કરવામાં આવતી આત્મહત્યાનાં અનેક પ્રકારનાં કારણો હોઈ શકે. તેવી જ રીતે, લાંબી માંદગીથી કંટાળીને કેટલાક કિસ્સાઓમાં લોકો આત્મહત્યા કરી લેતા હોય છે. જ્યારે વિદ્યાર્થીઓ આત્મહત્યા કરી લેતા હોય ત્યારે તે સમાજ માટે ચિંતાનો વિષય બની રહે છે. ખાસ કરીને મેડિકલ અને એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓ સિનિયરો દ્વારા કરવામાં આવતી હેરાનગતિ કે જાતિગત ભેદભાવના કારણે મોતને વહાલું કરતા હોય ત્યારે શું આપણી શિક્ષણ વ્યવસ્થામાં કંઈક ખામી છે? વિદ્યાર્થીઓ પ્રત્યે માતા-પિતાની મોટી અપેક્ષાઓ જવાબદાર છે? આત્મહત્યા રોકવા માટે વ્યક્તિના મગજને કોઈ પૂરેપૂરું ઓળખી શક્યું નથી, ત્યારે આત્મહત્યા કઈ રીતે રોકી શકાય અને તેનાં કારણો શું છે, મોટી અપેક્ષાઓ, વધુ પડતી જવાબદારી, આવક કરતાં વધુ ખર્ચ કરવો પડે, માથે દેવું થઈ જવું, સંતાનોના અભ્યાસ અને લગ્નની ચિંતાઓ તથા વધુ પડતી મોંઘવારી દરેક વ્યક્તિ માટે માનસિક તણાવની સ્થિતિ ઊભી કરે છે. ઓછામાં ઓછી આત્મહત્યાની ઘટનાઓ બને તે માટે દરેક સમાજલક્ષી આયોજન કરવાનો સમય થઈ ગયો છે. એ દરેક નાગરિકના હિતમાં છે.

**સુરત -ચંદ્રકાંત રાણા**

## ટ્રમ્પના નિર્ણયો ભારત માટે પડકારજનક

ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ભારતને સ્પર્શતા લેવામાં આવી રહેલા નિર્ણયો આપણા માટે ચિંતાનો વિષય બની રહ્યા છે. ટ્રમ્પની ‘અમેરિકા ફર્સ્ટ’ નીતિની વૈશ્વિક અસર પડી રહી છે, જેમાં ભારત પણ બાકાત રહી શકે નહીં. પરિણામે ભારત-અમેરિકા સંબંધોમાં નવા પડકારો ઊભા થઈ રહ્યા છે. અમેરિકાએ એચ-વન બી વિઝા માટે એક લાખ ડોલરની ફીનો નિર્ણય એક વર્ષ માટે લંબાવ્યો છે. આ નિર્ણયથી અમેરિકામાં નોકરી માટે જવા ઈચ્છતા ભારતીય પ્રોફેશનલો માટે મુશ્કેલી સર્જાશે. એચ-વન બી વિઝાના સૌથી વધુ લાભાર્થીઓ ભારતીયો છે. વ્હાઈટ હાઉસની યાદી મુજબ, વર્ષ 2025માં આ નિર્ણય લેવાયા બાદ અમેરિકાની આઈટી કંપનીઓમાં એચ-વન બી રજિસ્ટ્રેશનમાં 92 ટકા જેટલો ઘટાડો થયો છે. બીજી તરફ, ભારત રશિયા પાસેથી ક્રૂડ અને ગેસ ખરીદે છે તે મુદ્દે ટ્રમ્પને ભારત પર 100 ટકા સુધીનો ટેરિફ લાદવાની સત્તા આપવામાં આવી છે. તેના કારણે અમેરિકામાં ભારતીય નિકાસી ચીજવસ્તુઓ મોંઘી બનશે. અમેરિકા ભારત માટેનું મહત્વનું બજાર હોવાથી આ બંને નિર્ણયો ભારત માટે પડકારજનક બની રહ્યા છે.

**નવસારી -ડૉ. જે. એમ. નાયક**